For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અડધો ડિસેમ્બર પૂર્ણ થઇ જવાનો છતાં પોંક અને ઉંધિયાની લહેજત માણી શકાતી નથી

સુરતી સ્વાદ પર મોંઘવારીનો માર

પાપડી, રવૈયા અને રતાળું સામાન્ય શિયાળાની સરખામણીમાં ત્રણ ગણા મોંઘા મળી રહ્યાં છે

સુરત : શિયાળો શરુ થતાં જ સુરત જેના સ્વાદ માટે જાણીતું છે તે ઊંધિયુ અને પોંક ખવાતો થઈ જાય છે. જો કે, પોંકની ઓછી આવકને લીધે તે ખાઇ શકાતો નથી જ્યારે ઉંધિયામાં વપરાતી ચીજ વસ્તુઓના ભાવ પણ આસમાનને આંબી રહ્યાં છે આજ કારણસર અડધો ડિસેમ્બર પૂર્ણ થવા આવ્યો હોવા છતાં સુરતીઓ શિયાળાના સ્વાદ માટે તરસી રહ્યાં છે.

ઉંધિયાનો અસલ સ્વાદ તેની પાપડીના કારણે આવે છે. આ સિઝનમાં જો પાપડીનું શાક બનતું હોય તો તેની સુગંધ આસપાસના ઘરો સુધી જાય છે પરંતુ પાપડીનો

અનુસંધાન પાના ૨ પર

પોંકનગરીમાં પોંક જ નથી

સુરતની આંધળીવાનીનો પોંક વિદેશ સુધી સપ્લાય કરવામાં આવે છે પરંતુ પાછોતરા વરસાદના કારણે પોંકના ખેતરોમાં ભારે નુકસાન થયું હતું જેથી પોંક પણ આવી રહ્યે નથી. પોંકની ભઠ્ઠીઓ તો બની ગઇ છે પરંતુ તેમાં માત્ર લીંબુ મરીની સેવ, લસણની સેવ, લાલ સેવ અને પોંક વડા જ બની રહ્યાં છે. આમ અત્યારે નામ ભલે પોંકનગરી હોય પરંતુ તેમાં પોંક જ નથી.

લસણનું કાચુ બનાવવાનું પણ દુષ્કર થઇ ગયું છે

શિયાળામાં ઘી અને લીલાલસણનો ઉપયોગ કરીને લસણનું કાચું બનાવવામાં આવે છે. પરંતુ તેનો ભાવ પણ 200 રૂપિયા કિલો થઇ ગયો છે. જેથી તે બનાવવાનું પણ લોકો ટાળી રહ્યાં છે અને ભાવ ઘટે તેની રાહ જોઇ રહ્યાં છે. લસણનું કાચું ખાવામાં આવે તો વર્ષભર આરોગ્ય સારું રહે છે તેવું સૂરતીઓ માને છે.

સુરત એરપોર્ટ પર ફાઈવ લેન એન્ટ્રી-એક્ઝિટ રોડની દરખાસ્ત

પેસેન્જરો સીધા ટર્મિનલ બિલ્ડિંગથી એરપોર્ટ બહાર રોડ પર જઈ શકે એ માટે અલાયદો પેડલ સ્ટ્રેટ એક્ઝિટ વે બનાવવા પણ દરખાસ્ત કરાઈ

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોની સુવિધા માટે એરપોર્ટ બ્યુટિફિકેશન પ્રોજેક્ટ સહિતની દરખાસ્ત

સુરત : એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોને સરળ અને ઝડપી આવન-જાવન સુવિધા મળે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઝડપથી પેસેન્જર વાહનો, ઉબર, રેપિડો અને ટેક્સી વ્હિકલ સરળતાથી અવર જવર કરી શકે, પાર્કિંગ બુથ પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય એ માટે સુરત એરપોર્ટમાં ફાઈવ લેન એન્ટ્રી અને ફાઈવ લેન એક્ઝિટ રોડ બનાવવાનો નિર્ણય લીધો છે. સુરત એરપોર્ટના સિવિલ વર્કસ્ વિભાગ દ્વારા એને લગતો પ્લાન એરપોર્ટ ઓથોરિટીને મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે.

એક અન્ય મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ સુરત વન વિભાગ સાથે મળીને સુરત એરપોર્ટની એન્ટ્રી પર એરપોર્ટ બ્યુટિફિકેશન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

અનુસંધાન પાના ૨ પર

ટર્મિનલ બિલ્ડિંગથી સીધા એરપોર્ટ બહાર રોડ પર જવા એક્ઝિટ વે બનાવવવા પણ દરખાસ્ત

બીજા મહત્વના કામમાં ટર્મિનલ બિલ્ડિંગથી સીધા એરપોર્ટ બહાર રોડ પર જવા માટે અલાયદો પેડલ સ્ટ્રેટ એક્ઝિટ વે બનાવવવા દરખાસ્ત એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને મોકલવામાં આવી છે. મુસાફરો જો એરપોર્ટ બહાર રોડ પર જઈ ઓટો રિક્ષા કે અન્ય ઓનલાઈન પેસેન્જર ટ્રાન્સપોર્ટ સુવિધા મેળવવા ઈચ્છે તો ભારે ભીડ વચ્ચે પોતાનું સામાન ખેંચીને બહાર જવા માટે કોઈ અલગ માર્ગ ઉપલબ્ધ નથી. અત્યારે સુરત એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગ બહાર આવતા પેસેન્જરોને ફરજિયાત ઉબર, રેપિડો અને ખાનગી ટેક્સી કરવી પડે છે. જે પેસેન્જરો પાસે આડેધડ ભાડા માંગી લુંટે છે. કારણકે, પેસેન્જરોને જો એરપોર્ટ બહાર

અનુસંધાન પાના ૨ પર

કરોડોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર પણ કુલ ક્ષમતા સામે 20% જ ફ્લાઇટ ઓપરેટ થઈ રહી છે

સુરત એરપોર્ટ ડિરેક્ટર આનંદકુમાર શર્માએ જણાવ્યું હતું કે, સુરત એરપોર્ટ 24/7 એટલે કે, 24 કલાક એર ઓપરેશન માટે તૈયાર છે, પણ એર સાઇડ એની કુલ ક્ષમતા કરતાં માત્ર 20% જ ફ્લાઇટ અવર જવર કરી રહી છે.વેસુ તરફના રનવે નજીક બનેલો પેરેલલ ટેક્સી ટ્રેક (PTT) બનીને તૈયાર થઈ ગયું છે. PTT શરૂ કરવા ટૂંક સમયમાં DGCA મંજૂરી આપશે એ પછી સુરત એરપોર્ટ પર રોજ 5 ગણી એરક્રાફ્ટ મૂવમેન્ટ હેન્ડલ કરવાની ક્ષમતા ઊભી થશે. અંદાજ મુજબ 150 ફ્લાઇટ રોજ હેન્ડલ કરી શકાશે. અત્યારે સુરત એરપોર્ટનું ઇન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગનો 50% પણ ઉપયોગ થઇ રહ્યો નથી. સુરત એરપોર્ટ વર્ષે

અનુસંધાન પાના ૨ પર

સુરતમાં બપોરે તાપમાન 35 ડિગ્રી પહોંચી જાય છે

રાજપીપળામાં આશ્ચર્યજનક રીતે 12 ડિગ્રી તાપમાન

સુરતઃ સુરત શહેરમાં આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરનું મહત્તમ તાપમાન 34.8 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જોકે, સૂર્યાસ્ત બાદ ફરી ઠંડીનો અહેસાસ જોવા મળ્યો. લઘુત્તમ તાપમાનમાં પણ 1.3 ડિગ્રીનો વધારો થઈને તે 15.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં હવામાં 74 ટકા જેટલું ભેજ નોંધાયું હતું. સાથે જ લગભગ 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશામાંથી પવન ફૂંકાતો રહ્યો. ઉત્તર પવનની અસરને કારણે દિવસ દરમિયાન હળવી ગરમી અનુભવાઈ, પરંતુ રાત્રિના સમયમાં ઠંડી ફરી વળવાની સંભાવના વધી છે. શહેરમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી તાપમાનમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને ગઈકાલે ડિસેમ્બર મહિનાની ઠંડીએ પાછલા બે વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો, જેના કારણે વહેલી સવાર અને મોડી રાત્રે લોકો ઠંડીથી ધ્રૂજતા જોવા મળ્યા હતા. હવામાન વિભાગના અનુમાન મુજબ ઉત્તર પવનની અસર યથાવત રહેતાં આગામી 24 કલાકમાં ફરી તાપમાન

અનુસંધાન પાના ૨ પર

દક્ષિણ ગુજરાતનું તાપમાન

વિસ્તાર	લઘુત્તમ	મહત્તમ
રાજપીપલા	12	24
વલસાડ	14	33
નવસારી	15.6	32
ભરૂચ	16	31
ડાંગ	19	31

'જેલમાં રહીશ તો તું સેફ છે એમ ના સમજતી'

લાજપોર જેલમાંથી વિદ્યાર્થિનીને ફોન પર મારી નાંખવાની ધમકી

'કેસ પાછો ખેંચી લે, હું હવે અંદર નહીં રહું, મારા માણસો બહાર ફરે છે અને જેલમાં પણ ઘણા ગુંડાઓની ઓળખાણ છે, કહી ખાનગી ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી આપી

સુરતઃ લાજપોર જેલમાં એટ્રોસીટી અત્યાચાર અને અન્ય ગંભીર આરોપો હેઠળ બંધ આરોપી જેલમાંથી જ અજાણ્યા મોબાઇલ નંબર દ્વારા એક ૨૦ વર્ષીય ફરિયાદી વિદ્યાર્થિનીને ફોન કરી આડકતરી રીતે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઉપરાંત આરોપીએ વિદ્યાર્થિનીને ખાનગી ફોટા અને વિડીયો વાયરલ કરી દેવાની પણ ધમકી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. પોલીસ આરોપીના સીડીઆર કઢાવી જેલમાંથી કે પેરોલ પર આવ્યો ત્યારે ફોન કરી હરકત કર્યાના પુરાવા એકત્ર કરી જેલ ટ્રાન્સફરથી લાવી તેની ધરપકડ કરશે તેમ પોલીસે વધુમાં જણાવ્યું છે.

વેડ વિસ્તારમાં માતા સાથે રહેતી યુવતી ઘરે બેઠા નીટ પરીક્ષાની તૈયારી કરે છે. યુવતીએ ફરિયાદ કરતા જણાવ્યું કે, ગત 6 ડિસેમ્બરની મધરાતે લગભગ ૧ વાગ્યે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાની નિકુંજ તરીકે ઓળખ આપી ધમકાવી કે, સમાધાન કરી લે, કેસ પાછો ખેંચી લે, હું હવે અંદર નહીં રહું.' યુવતીએ સમાધાન કરવાની ના પાડતાં નિકુંજે ગુસ્સે થઈને કહ્યું કે, 'તું બધી જગ્યાએ મારા જામીન રદ કરાવે છે,

અનુસંધાન પાના ૨ પર

જેલમાંથી કે પેરોલ વખતે ફોન કર્યો તે દિશામાં તપાસ

આ મામલે સિંગણપોર પીઆઈ વધુમાં જણાવ્યું હતું કે તેઓ યુવતીને જે નંબરથી ફોન આવ્યો હતો તે નંબરનો સીડીઆર રિપોર્ટ મંગાવી જેલમાંથી મોબાઇલનો ઉપયોગ થયો છે કે કેમ અને જ્યારે તે પેરોલ પર હતો ત્યારે આ ફોન કર્યો હતો તેના પુરાવા એકત્ર કરશે. પુરાવા એકત્ર થયા બાદ તેને જેલ ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી લાવી વધુ પૂછપરછ કરશે.

CAT 1 અને રડાર સ્ટેશન માટેની 22.33 એકર જમીન માટે ના પાડનારા

ધુમ્મસમાં લેન્ડિંગની તૈયારી કરી રહ્યાં છે !

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શિયાળામાં ધુમ્મસ અને ઓછી વિઝિબિલિટીની સ્થિતિમાં વિમાન લેન્ડિંગની તૈયારી માટે ડ્રાય રન યોજાઈ

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા આજે ઓછી દૃશ્યતાની સ્થિતિમાં એરપોર્ટની કામગીરીની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે ધુમ્મસની તૈયારી માટે ડ્રાય રનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કવાયતનો ઉદ્દેશ્ય સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શિયાળામાં ધુમ્મસ અને ઓછી વિઝિબિલિટીની તૈયારી માટે હતો. નવાઈનો વાત એ છે કે, CAT 1 ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ અને રડાર સ્ટેશન માટેની 22.33 એકર જમીન લેવાનો ઇનકાર કરનાર અધિકારીઓ ધુમ્મસની તૈયારીમાં લાગ્યા છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના અધિકૃત ટ્વીટર હેન્ડલ પર માહિતી આપવામાં આવી છે કે,

'ધુમ્મસ જેવી પરિસ્થિતિ સર્જાઇ તો તેમાં જુદા જુદા વિભાગનું એકબીજા સાથેનું સંકલન કવાનો હતો. જેથી વાસ્તવિક ધુમ્મસની સ્થિતિમાં મુસાફરોની સલામતી અને સરળ એરપોર્ટ કામગીરી સારી રીતે થઇ શકે. એટીસી, એરપોર્ટ ઓપરેશન્સ, ફાયર સર્વિસીસ, સીઆઈએસએફ, એન્જિનિયરિંગ વિભાગ,

અનુસંધાન પાના ૨ પર

વેપારીઓ, પેઢીઓ કે કારખાનેદારના તો ઉઠમણા થાય જ છે પણ

નાનપુરાની ટ્રાઇસ્ટાર હોસ્પિટલે લાખો રૂપિયામાં ઉઠમણું કર્યું

71.82 લાખના સાધનો ખરીદ્યા બાદ નાણા નહીં ચૂકવનાર ચાર ડિરેક્ટર સામે ઠગાઇની ફરિયાદ

સુરતઃ સુરતમાં પેઢી, કારખાનેદાર કે વેપારીઓના ઉઠમણાની માહિતી તો વારંવાર પ્રકાશમાં આવતી જ હોય છે પરંતુ પહેલી વખત એક હોસ્પિટલે ઉઠમણું કર્યું છે. 71.82 લાખનો સર્જિકલ સામાન ખરીદ્યા બાદ નાણા ચૂકવ્યા વગર જ હોસ્પિટલને તાળા મારી નાસી ગયેલા ચાર ડિરેક્ટર સામે અઠવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

વેસુ ચાર રસ્તા પાસે જોલી રેસીડેન્સીમાં તથા ગાંધી સ્મૃતિ ભવન નજીક જી-1 વિઘ્નેશ્વર એસ્ટેટમાં રહેતા કમલેશ ચંદ્રકાંત ટેલર (ઉ.વ.49) નાનપુરા સ્થિત 'ક્યુ થ્રી સોલ્યુશન' નામની ફર્મ ધરાવે છે. તેઓ સર્જિકલ સાધનોનું વેચાણ કરે છે. તેમણે અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, જાન્યુઆરી 2024થી ટ્રાઇસ્ટાર હોસ્પિટલના ડિરેક્ટરોએ તેમની પાસેથી કાડિયાક ઓપરેશન માટેના સાધનો ખરીદવાનું શરુ કર્યું હતું. તેમના અને તેમના મિત્રો ઉમંગ અવધેશ તિવારી અને વિષ્ણુકુમાર ડાકોરિયાને તેમણે સમયસર પેમેન્ટ કરવાનો વાયદો કરી સ્ટેન્ટ, બલૂન, વાયર કેથેટર, પેસમેકર ડિવાઈસ અને સ્પ્રિંગ (સ્ટેન્ડ) સહિતના મોંઘા સાધનો ઉધારમાં ખરીદ્યા હતાં. આ ત્રણેય પાસેથી તેમણે કુલ રૂપિયા 71,82,008નો સામાન ખરીદ્યા બાદ અચાનક હોસ્પિટલને તાળા મારી પલાયન થઇ ગયા છે. તેમની પાસે જ્યારે સામાનના રૂપિયા માંગવામાં આવતા હતા ત્યરે તેઓ ગાળો આપીને ધમકી આપતા હતાં.

આ ઠગો સામે ગુનો નોંધાયો

અર્પિત મહેરા	(ડિરેક્ટર, ટ્રાઈસ્ટાર લાઈફ સાયન્સ)
અરૂણ મહેરા	(ડિરેક્ટર, ટ્રાઈસ્ટાર લાઈફ સાયન્સ)
રોમા અરૂણ મહેરા	(ડિરેક્ટર, ટ્રાઈસ્ટાર હોસ્પિટલ)
સંતોષરાની પ્રેમચંદ મહેરા	(ડિરેક્ટર, ટ્રાઈસ્ટાર હોસ્પિટલ)

કાડિયાકના સાધનોના સપ્લાયર સાથે ઠગાઇ

કમલેશ ટેલર	36,85,436
ઉમંગ અવધેશ તિવારી	18,82,576
વિષ્ણુકુમાર ડાકોરીયા	16,13,996

સુરતના તબીબનું 18 કરોડમાં ઉઠમણું

મોટેભાગે હીરાવાળાના નાણાં ફસાયા, 1 શ્રોફના 7કરોડ હતા

જેમના રૂપિયા ગયા છે તે નજીકના લોકો હોવાથી ફરિયાદ દાખલ કરાઇ નથી

સુરત : તબીબી વ્યવસાય ઉપર પણ મોંઘવારીની અસર પડી રહી હોવાનું ચિત્ર હાલ ઉપસી રહ્યું છે કારણ કે, એક હોસ્પિટલના ઉઠમણાના સમાચાર આવ્યા બાદ એક તબીબ પણ 18 કરોડમાં ઉઠી ગયો હોવાની વિગત બહાર આવી છે.

મળતી માહિતી અનુસાર આ તબીબ મૂળ ઉત્તરગુજરાતના છે પરંતુ વર્ષોથી સુરતમાં સ્થાયી થયા છે. જો કે તેઓ એમબીબીએસ કે એમડી નથી પરંતુ બીએએમએસ છે. તેમનું દવાખાનું સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં આવેલું છે.

વર્ષોથી આ પરિવાર સુરતમાં સ્થાયી થયો છે. આ તમામ રૂપિયા તેમણે વ્યાજે લીધા હતાં. તેમણે ડેડ ઇન્વેસ્ટમેન્ટ કર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેમના રૂપિયા ગયા છે તેમાં મોટાભાગના હીરાના વેપાર સાથે સંકળાયેલા છે. જેના સૌથી વધુ 7 કરોડ રૂપિયા ફસાયા છે તે શ્રોફ છે. આ ઉઠમણાએ હીરાબજારમાં ભારે ચકચાર જગાવી છે. પરંતુ હજી સુધી આ ઘટનાની કોઇ ફરિયાદ કરવામાં આવી નથી. જેમના નાણા ગયા છે તેમનો ઉઠમણું કરનાર સાથે પારિવારિક સંબંધ હોવાથી હાલમાં કોઇ ફરિયાદ કરવા તૈયાર નથી આ ઉપરાંત આ તબીબનો પરિવાર સારી શાખ ધરાવતો હોવાથી પણ યેનેકેન પ્રકારે તેને મુશ્કેલીમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

એક કલાકનો હાઈવોલ્ટેજ ડ્રામા, છેવટે કિશોરીને બચાવી લેવાતા હાશકારો

'તું મરી જા તો સારું' કિશોરી જીવ દેવા હાઈરાઈઝ પર ચઢતાં હોબાળો

ભીમરાડના સ્વિમ પેલેસની ઘટના, માતાએ ઠપકો આપ્યો તો ઘરઘાટીનું કામ કરતી કિશોરી 11મા માળે પહોંચી ગઈ

સતત કૂદી જવાની ધમકી આપતી હતી, લોકોએ વાતોમાં પરોવી રાખી અને ફાયર જવાને સ્ફુર્તિથી પકડી લઇ બચાવી લીધી

સુરતઃ ભિમરાડની એક હાઈરાઈઝ બિલ્ડિંગના દસમા માળે પેન્ટહાઉસની છત ઉપર આજે સવારે 17 વર્ષની કિશોરી આપઘાત કરવા પહોંચી જતા ભારે હોબાળો મચ્યો હતો. વતનમાં રહેતી માતા સાથે ફોન પર થયેલા ઝઘડાને કારણે કિશોરી આવેશમાં આવી ગઈ હતી અને હાઈરાઈઝ બિલ્ડિંગની છત ઉપર પહોંચી ત્યાંથી કૂદવાની ધમકી આપી રહી હતી. ફાયર બ્રિગેડ, 112 જનરક્ષક અને સ્થાનિક લોકોની સમજદારીથી કિશોરીનો જીવ બચાવી લેવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૨ પર

GPSથી લોકેશન ટ્રેક થતા જ, 112 જનરક્ષકની ટીમ 1 મીનિટ 6 સેકન્ડમાં પહોંચી ગઇ

112 જનરક્ષક પ્રોજેક્ટના કોર્ડિનેટર રોશન દેસાઈએ જણાવ્યું હતું કે, સવારે 9.15 વાગ્યાની આસપાસ એક અજાણ્યા રાહદારીએ સ્વિમ પેલેસના ટેરેસ પરથી એક કિશોરી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરતી હોવાનું જોયું હતું. તરત જ 112 ઇમર્જન્સી હેલ્પલાઇન પર કોલ

અનુસંધાન પાના ૨ પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન – બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ સ્વ. કિશોરભાઈ વેણીલાલ કોન્ટ્રાકટર તા.૧૪/૧૨/૨૦૨૫, રવિવારના રોજ અવસાન પામેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા.૧૫/૧૨/૨૦૨૫, સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન દયાળજી આશ્રમ, બીજો માળ, મજુરાગેટ, સુરત ખાતે રાખેલ છે.

સ્વ.કિશોરભાઈ વેણીલાલ કોન્ટ્રાકટર
સ્વ.તા.૧૪/૧૨/૨૦૨૫

લિ. ગં.સ્વ. કિરણબેન કિશોરભાઈ કોન્ટ્રાકટર (પત્ની)
વિશાલ કિશોરભાઈ કોન્ટ્રાકટર (પુત્ર)
પૂજા વિશાલ કોન્ટ્રાકટર (પુત્રવધુ)
નિકેતા દિવાન (દિકરી)
અનુજ દિવાન (જમાઈ)
જહાન, આરના

ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

એ નિખાલસતા... એ આત્મીયતા... એ હસ્તો ચહેરો...
અશ્રુમાં તસ્વીર બની વહી રહ્યા છે.
ના માંગતા બધું આપ્યું તમે, ન કહેતા બંધુ કર્યુ છે તમે,
અમારામાં પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યુ છે તમે, કદી
પિતા રૂપે તો કદી મિત્ર સ્વરૂપે, તમારો હાથ અમારી ઉપર છે
સદા આર્શીવાદ રૂપે.
પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. રણજીતભાઈ ઘનજીભાઈ પટેલ
નિવૃત ભુમિ મોજણી અધિકારી
સ્વ.તા. ૧૫/૧૨/૨૦૨૧

લિ. ગં.સ્વ. લીલાવતીબેન રણજીતભાઈ પટેલ
રીગલ રણજીતભાઈ પટેલ (પુત્ર)
ફેરીન રીગલ પટેલ (પુત્રવધુ)
વિજયેતા કમલેશ પટેલ (પુત્રી)
રેશ્મા તરૂણ પટેલ (પુત્રી)
તથા સમસ્ત પરિવાર

ત્રીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્વ.ધીરૂભાઈ વલ્લભભાઈ પટેલ
સ્વ.તા:૧૫/૧૨/૨૦૨૨

લિ. ગં.સ્વ. લલિતાબેન ધીરૂભાઈ પટેલ
હર્ષદભાઈ ધીરૂભાઈ પટેલ | દિનેશભાઈ કેશાભાઈ પટેલ
વિજયભાઈ ધીરૂભાઈ પટેલ | હરિવદનભાઈ લખુભાઈ પટેલ
રેખાબેન હર્ષદભાઈ પટેલ | સંજયભાઈ લખુભાઈ પટેલ
મનિષાબેન વિજયભાઈ પટેલ | કલાવતીબેન દિનેશભાઈ પટેલ
મંયક,નીલ,મોનાર્ક,ગિરિજા,પ્રિતેશ,તુષાર, જયનીશ
જેમિલ,જસ,હયાંસ,અધિત,વૃહા તથા સમસ્ત પરિવાર
સ્થાન : રૂંઢ-મગદલ્લા, બેંક ઓફ બરોડાની બાજુમાં, સુરત.

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

ક્યાંક આપણે મળીશું, તે સ્સ્તાની તલાશ આજે પણ છે.
ખોવાઈ ગયેલી અમારી દુનિયામાં તને શોધવાનો વિચાર આજે પણ છે.
ઘણું કહેવું છે તને પણ રહી ગયુ, તેનો અફસોસ આજે પણ છે.
જાગીને થાય છે રાત્રીઓ પસાર પણ તારી સાથે જીવવાના સપનાઓ આજે પણ છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્વ.રાજ રાકેશભાઈ પટેલ
જ.તા. ૧૩-૧૧-૨૦૦૧
સ્વ.તા.૧૫-૧૨-૨૦૨૧

લિ. સ્વ. જયંતિભાઇ દુર્લભભાઇ પટેલ
ગં.સ્વ. લીલાબેન જયંતિભાઇ પટેલ
શ્રી બાબુભાઈ દુર્લભભાઈ પટેલ | રાકેશભાઈ જયંતિભાઈ પટેલ (પપ્પા)
શ્રી વિનુભાઈ દુર્લભભાઈ પટેલ | જાગૃતિબેન રાકેશભાઇ પટેલ (મમ્મી)
શ્રી ચંપકભાઈ દુર્લભભાઈ પટેલ | કિશોરભાઈ જયંતિભાઈ પટેલ
કમલેશભાઈ બાબુભાઈ પટેલ | જયશ્રીબેન કિશોરભાઇ પટેલ
અંકુરભાઈ વિનુભાઈ પટેલ | નીલ કિશોરભાઇ પટેલ
અલ્કેશભાઈ વિનુભાઈ પટેલ | સલોની નીલ પટેલ
વિશાલભાઈ ચંપકભાઈ પટેલ | કેરલ નાનુભાઈ પટેલ (બનેવી)
નિરવભાઈ ચંપકભાઈ પટેલ | રિયા કેરલ પટેલ (બેન)
ધ્રુવિલ, આસ્થા, હેત, ધ્યાન, વિહાના, ત્વીષા
નિવાસસ્થાનઃ નારિયેળી ફળિયા, મુ. આભવા, તા.ચોર્યાસી, સુરત.

છઠ્ઠી પુણ્યતિથિએ
॥ શ્રદ્ધાંજલિ ॥

મનુષ્ય જન્મથી નહીં પણ,
કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં
સ્મરણ વધુ યાદગાર બને છે.
સાથ ભલે છોડ્યો પણ તમારી ખોટ
કદીયે પુરાશે નહીં,
તમારો હસમુખો ચહેરો,
પ્રેમાળ સ્વભાવ, ઉદાર પરોપકારી વૃત્તિ,
કૌટુંબિક ભાવના હરહંમેશ યાદ રહેશે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના...

સ્વ.ગણેશભાઈ ગોવિંદભાઈ પટેલ (ગાંગાણી)
સ્વ.તા.૧૫-૧૨-૨૦૧૯

લિ.
ગં.સ્વ.લક્ષ્મીબેન ગણેશભાઈ પટેલ
રાજેશભાઈ ગણેશભાઈ પટેલ | રિહેન રાજેશ પટેલ
પાયલબેન રાજેશભાઈ પટેલ | રીમા રિહેન પટેલ
તેજકુમાર દિપેશભાઈ મોદી | હિમા તેજ મોદી
જેહ રિહેન પટેલ